# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 30-03-2024 Evening : 7.50 to 8.00
Day : Saturday National News

### આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

**************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારોહમાં ભારત રત્ન પુરસ્કાર એનાયત કર્યા.
- લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા અને સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્ર પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે.
- લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી ચુંટણીની 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો આજે છેલ્લો દિવસ છે.
- વિપક્ષી ગઠબંધન iNDIA એ આવતીકાલે નવીદિલ્હીના રામલીલા મેદાનમાં લોકતંત્ર બચાવો રેલીનું આયોજન કર્યું છે.
- સરકારે કહ્યું છે કે, કંબોડિયા સ્થિત ભારતીય દૂતાવાસ ભારતીય નાગરિકોની રોજગાર સંબંધી ફરિયાદોનો તાત્કાલિક નિકાલ લાવવાના શક્ય તમામ પ્રયાસો કરી રહ્યું છે
- પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની શ્યામજી કૃષ્ણ વર્માને તેમની પુણ્ય તિથિ પર શ્રદ્ધાંજલિ આપી છે.
- રાષ્ટ્ર પતિ દ્રૌપદી મુર્મુએ ઇસ્ટરની પૂર્વસંધ્યાએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે..

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV. PRESIDENT - BHARAT RATNA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારોહમાં ભારત રત્ન પુરસ્કાર એનાયત કર્યા. શ્રીમતી મુરમૂએ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પી.વી. નરસિમ્હા રાવ અને ચૌધરી ચરણ સિંહ, બિહારના બે વખતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુર અને કૃષિ વૈજ્ઞાનિક એમ.એસ. સ્વામીનાથનને મરણોપરાંત દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન પુરસ્કાર એનાયત કર્યા હતા. આ પુરસ્કાર તેમના સંબંધીઓને આપવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ આવતીકાલે નવી દિલ્હીમાં ભૂતપૂર્વ નાયબ પ્રધાનમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર અર્પણ કરશે.

પુરસ્કાર સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ,, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ભારત રત્ન દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે. જે કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ સેવા અને સર્વોચ્ચ ક્રમના પ્રદર્શન માટે આપવામાં આવે છે..

PM-KARPOORI.rtf

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતરત્નથી સન્માનિત કરવામાં આવેલા બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુર, જાણીતા વૈજ્ઞાનિક ડો. સ્વામી નાથન, તેમજ બે ભૂતપૂર્વ પ્રધાનમંત્રીઓ ચૌધરી ચરણસિંહ અને પી.વી. નરસિમ્હારાવના યોગદાનની ખૂબ પ્રશંસા કરી છે.

સોશ્યલ મીડિયા પરની એક પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, કર્પૂરી ઠાકુરે પોતાનું સમગ્ર જીવન સામાજિક ન્યાય અને સમાનતા પાછળ સમર્પિત કર્યું હતું. તેમને ભારતરત્ન આપવું તે તેમને સાચી શ્રદ્ધાજંલિ સમાન છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, કર્પૂરી ઠાકુરે પછાત વર્ગના અધિકારો માટે અથાગ પ્રયાસો કર્યા તેની ભારતીય સમાજ પર અમિટ છાપ પડી છે. કૃષિ ક્ષેત્રમાં ડો. એમ. એસ. સ્વામીનાથનના અભૂતપૂર્વ ફાળાને યાદ કરીને નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કૃષિ વિજ્ઞાન ક્ષેત્રે તેમણે કરેલા સંશોધનોની સમગ્ર દુનિયામાં પ્રશંસા કરવામાં આવી છે. ડો. સ્વામીનાથનના પ્રયાસોને કારણે ભારત ખાદ્યાન્નના ઉત્પાદનમાં સ્વનિર્ભર બની શક્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ચૌધરી ચરણસિંહને ખાસ કરીને કૃષિ અને ગ્રામીણ વિકાસના ક્ષેત્રે આપેલા મહત્વપૂર્ણ ફાળા બદલ આ વિશેષ સન્માન આપવામાં આવ્યું છે. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પી.વી. નરસિમ્હા રાવ વિષે નરેન્દ્ર મોદીએ કહ્યું કે દરેક દેશવાસીને દેશ પ્રત્યે તેમના યોગદાન બદલ ગર્વ છે. તેમણે ઉમેર્યું કે, નરસિમ્હારાવે દેશની પ્રગતિ અને આધુનિકીકરણ માટે વિશાળ પાયે કામ કર્યું. તેઓ સન્માનીય વિદ્વાન અને ચિંતક તરીકે પણ સુવિખ્યાત હતા.

# NAME-WITHDRAWAL-FIRST-PHASE

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા અને સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્ર પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે.

આ તબક્કા માટે બુધવાર સુધી ઉમેદવારી પત્રો ભરાયા હતા અને ગુરુવારે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. સિક્કિમની 32 અને અરુણાચલ પ્રદેશની 60 વિધાનસભા બેઠકો માટે 19 એપ્રિલે એક જ તબક્કામાં મતદાન થશે.

પ્રથમ તબક્કામાં બિહાર સહિત 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 લોકસભા બેઠકો માટે 19 એપ્રિલે મતદાન થશે. પ્રથમ તબક્કામાં તમિળનાડુ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને પુડુચેરીમાં ચૂંટણી યોજાઈ રહી છે.

બિહારમાં સંસદીય ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ગયા, ઔરંગાબાદ, નવાદા અને જમુઈની ચાર સંસદીય બેઠકો માટે ગુરુવારે ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ હતો. આજે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારો 2 એપ્રિલ સુધી તેમના નામ પાછા ખેંચી શકશે. ચૂંટણી પંચે બિહારમાં હોળી અને બિહાર સ્થાપના દિવસને કારણે ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ લંબાવી  હતી..

# 1ST AND 2ND-PHASE-NOTIFICATION

લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી ચુંટણીની 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો આજે છેલ્લો દિવસ છે. આજે સાંજ સુધીમાં 102 બેઠકો પર કેટલા ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે તે ચિત્ર સ્પષ્ટ થશે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

દરમિયાન, લોકસભાની બીજા તબક્કાની આગામી 26મી એપ્રિલે યોજાનારી 89 બેઠકો માટેનું જાહેરનામું ગુરૂવારે બહાર પડ્યું હતું. બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 89 બેઠકો માટે મતદાન થશે જેમાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની 8-8, મધ્યપ્રદેશની 7, બિહાર અને આસામની 5, બંગાળ અને છત્તીસગઢની 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા તેમજ જમ્મુ અને કાશ્મીરની દરેકની એક-એક બેઠકોની ચૂંટણી યોજાશે.

આ 88 બેઠકો માટે આગામી ચોથી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. પાંચમીએ તેમની ચકાસણી થશે. જો કે, જમ્મુ- કાશ્મીરમાં ઉમેદવારી પત્રોની ચકાસણી આગામી છઠ્ઠી એપ્રિલે થશે..

# INDIA-RALLY.rtf

વિપક્ષી ગઠબંધન iNDIA એ આવતીકાલે નવીદિલ્હીના રામલીલા મેદાનમાં લોકતંત્ર બચાવો રેલીનું આયોજન કર્યું છે. આ રેલીમાં કોંગ્રેસ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ, શિવસેના – ઉદ્ધવ ઠાકરે જૂથ, સમાજવાદી પક્ષ, આમ આદમી પાર્ટી, રાષ્ટ્રીય જનતાદળ, દ્રવિડ મુનેદ્ર કઝગમ, નેશનલ કોન્ફરન્સ, ઝારખંડ મુક્તિ મોરચો, ડાબેરી પક્ષો અને અન્ય પક્ષોના મુખ્ય નેતાઓ ભાગ લેશે.

કોંગ્રેસના નેતા જયરામ રમેશે આ રેલી વિષે માહિતી આપી કે, વધતી જતી મોંઘવારી, બેરોજગારી, આર્થિક અસમાનતા અને સામાજિક ધ્રુવીકરણ જેવા મહત્વના મુદ્દાઓ આ રેલીમાં ઉઠાવવામાં આવશે.

# MEA---CAMBODIA.rtf

સરકારે કહ્યું છે કે, કંબોડિયા સ્થિત ભારતીય રાજદૂતાવાસ ભારતીય નાગરિકોની રોજગાર સંબંધી ફરિયાદોનો તાત્કાલિક પ્રતિભાવ આપી રહી છે. તે ફરિયાદો મુજબ ભારતીય નાગરિકોને રોજગાર અંગેની લોભામણી તકો આપ્યા પછી કંબોડિયામાં ગેરકાયદેસર ધોરણે સાયબર કાર્ય કરાવવામાં આવતું હતું.

કંબોડિયામાં ફસાઈ પડેલા ભારતીય નાગરિકો અંગેના પત્રકારોના પ્રશ્નોને જવાબ આપતાં વિદેશ મંત્રાલયના પ્રવર્કતા રણધીર જયસ્વાલે કહ્યું કે, ભારત કંબોડિયાના સત્તાવાળાઓની સાથે મળીને આ પ્રશ્ન ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે, ભારતે લગભગ અઢીસો ભારતીયોને બચાવીને સ્વદેશ મોકલી દીધા છે. તેમણે જણાવ્યું કે, વિદેશ મંત્રાલય તેમજ કંબોડિયા સ્થિત ભારતીય રાજદૂતાવાસે ભારતીય નાગરિકોને આવા કૌભાંડથી બચવા માટે કેટલીક માર્ગદર્શિકા અને સલાહ જારી કર્યા છે. તેમણે કહ્યું કે, ભારત કંબોડિયામાં વસતા ભારતીય નાગરિકો જો સાથે સહકાર અને મદદ માંગે તો સહુને મદદ કરવા વચનબધ્ધ છે.

# PM-SHYAMJI

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની શ્યામજી કૃષ્ણ વર્માને તેમની પુણ્ય તિથિ પર શ્રદ્ધાંજલિ આપી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી મોદીએ  ભારતીય સ્વતંત્રતા ચળવળના અદમ્ય નેતા, તેમની અદમ્ય ભાવના અને સ્વતંત્રતાના હેતુ માટેની તેમની  પ્રતિબદ્ધતાને ક્યારેય ભૂલી શકાશે નહીં તેમ જણાવ્યુ હતું.  1857માં ગુજરાતમાં જન્મેલા શ્યામજી કૃષ્ણ વર્માએ ભારતીય રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતાના હેતુને પ્રોત્સાહન આપવા માટે લંડનમાં ઈન્ડિયન હોમ રૂલ સોસાયટી, ઈન્ડિયા હાઉસ અને ધ ઈન્ડિયન સોશિયોલોજિસ્ટની સ્થાપના કરી હતી.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી મોદી  વર્ષ 2003 માં સ્વિટ્ઝર્લેન્ડથી શ્યામજી કૃષ્ણ વર્માના  અસ્થિ ભારત  પરત લાવ્યા હતા.

PREZ---EASTER.rtf

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઇસ્ટરની પૂર્વસંધ્યાએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. એક સંદેશમાં તેમણે કહ્યું કે, પ્રભુ ઇસુ ખ્રિસ્તના પુનર્જીવનની યાદમાં મનાવવામાં આવતું આ પર્વ પ્રેમ અને કરૂણાનું પ્રતીક છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે, ઇસ્ટર ત્યાગ અને ક્ષમાનો સંદેશ આપે છે. તેમણે કહ્યું કે, ઇશુ ખ્રિસ્તનો સંદેશ આપણને શાંતિ અને સૌહાર્દનો માર્ગ બતાવે છે.

# BADMINTON- MADRID OPEN

મેડ્રીડ સ્પેન માસ્ટર્સ સુપર 300 બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ભારતના એન. સિક્કિ રેડ્ડી અને બી. સુમિત રેડ્ડી પતિ પત્નીની જોડી આજે ઇન્ડોનેશિયાના રિનોવરીવલ્ડી અને પિથા એચ. મેન્ટારીની મિક્સ્ડ ડબલ્સની જોડી સામે સેમીફાઇનલમાં 17-21 અને 12-21 થી પરાજ્ય આપ્યો છે.

# ANURAG-FOOTBALL.rtf

યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રી અનુરાગસિંહ ઠાકુરે કહ્યું છે કે, ગોવામાં ચાલી રહેલ ભારતીય મહિલા લીગ દરમિયાન મહિલા ફૂટબોલ ખેલાડીઓ સાથે કોચના દુર્વ્યવહારની બાબત મંત્રાલયે ગંભીરતાથી લીધી છે. સોશ્યલ મીડિયા પરની એક પોસ્ટમાં તેમણે કહ્યું કે, એ બાબતે અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘને તાત્કાલિક કાર્યવાહી કરવાના તેમજ ફૂટબોલ ખેલાડીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાના નિર્દેશ આપ્યા છે.

અનુરાગ ઠાકુરે કહ્યું કે, મંત્રાલયે ફૂટબોલ મહાસંઘને કડક કાનૂની કાર્યવાહી કરીને મંત્રાલયને  સૂચિત કરવાનું કહ્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ખેલાડીઓની સુરક્ષા સરકારની સર્વોચ્ચ પ્રાથમિક્તામાં સામેલ છે.